
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




તારે સાચુ પિતૃ તપ્રણ કરવુ હોય તો મૃતાત્માને ગમતી વસ્તુનુ દાન કરવુ પડે... મને ખ્યાલ છે ત્યાં સુધી તારા બાપા આઇ-ફોન વાપરતા હતા..!!

# શેરથા ટોલટેક્ષ પાસેથી દારૂ ભરેલી ઈકો કાર ઝડપાઈ

### એલસીબી-૨ પોલીસે પાયલોટીંગ કરતી કાર અને દારૂ ભરેલી ઈકો સહિત ત્રણ શખ્સોને પણ ઝડપી પાડ્યા

ગાંધીનગર,તા.૧૧

અડાલજ પોલીસ મથક વિસ્તારમાં શેરથા ટોલટેક્ષ નજીક આવેલા ગરનાળા પાસેથી પાયલોટીંગ કરતી કાર અને વિદેશી દારૂની હેરાફેરી કરતી ઈકો ગાડીને એલસીબી-૨ પોલીસે ઝડપી પાડી છે. પોલીસે ઈકોમાંથી વિદેશી દારૂની ૧૨૪ બોટલ તેમજ ત્રણ શખ્સોને પકડી પાડી દારુ, મોબાઈલ ફોન, ઈકો ગાડી બે મળી કુલ રૂ.૭,૬૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ ની ટીમ અડાલજ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે સમયે કોન્સ્ટેબલ જયદિપસિંહ અને રવિન્દ્રસિંહને સંયુકત બાતમી મળી હતી કે મહેસાણા હાઈ વે તરફથી અડાલજ તરફ એક ઈકો ગાડી નં. જી.જે.૧૯.એ.એમ.-૩૦૫૪ માં બે શખ્સો દારૂ ભરેલી અન્ય ઈકો કારનું પાયલોટીંગ કરીને શેરથા ટોલટેક્ષ નજીક રેલ્વે ગરનાળા પાસેથી પસાર થવાની છે.

જેને પગલે એલસીબી-૨ પોલીસે ગરનાળા પાસે વોચ ગોઠવી દીધી હતી. તે સમયે મહેસાણા તરફથી દારૂની ગાડીનુ પાયલોટીંગ કરતી બાતમીવાળી ઈકો ગાડી આવતા પોલીસે આડશ કરી તેને રોકી લીધી હતી. ત્યારપછી તેની પાછળ આવી રહેલી દારૂ ભરેલી ઈકો ગાડી નં. જી.જે.૦૩.એ.ઝેડ.-૪૫૬૨ આવતા તેને પણ અન્ય ગાડીની આડશ કરી પોલીસે રોકી પાડી હતી. બંન્ને વાહનોમાંથી કુલ ત્રણ શખ્સોને પકડી પાડ્યા હતા. જેમાં સુનિલ કનુભાઈ આસલ ( રહે.માળીવાસ દિયોદર), ભલાભાઈ ઉદાભાઈ વણકર (રહે.પાલડી મીઠી દિયોદર બનાસકાંઠા) અને નિતેશ મનસુખલાલ ઠક્કર (રહે પૂર્ણિમા સોસાયટી દિયોદર)નો સમાવેશ થાય છે. ગાડીમાં તપાસ કરતા ૧૨૪ બોટલ દારુ મળી આવી હતી. પોલીસે રૂ.૪૮,૮૦૦ ની કિંમતનો ૧૨૪ બોટલ દારુ, મોબાઈલ ફોન નંગ-૪, કિં.૧૫,૫૦૦ તેમજ બે ઈકો ગાડી કિં.૭ લાખ મળી કુલ રૂ.૭,૬૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તમામ શખ્સો સામે પ્રોહીબિશનનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



## ખૂણેખાંચરેથી



- ભાજપના સંગઠન મંત્રી રત્નાકરે આજે કલોલ વિધાનસભા અને માણસા વિધાનસભાના અપેક્ષિત આગેવાનો સાથે બેઠક કરી હતી.
- ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલ આજથી રજા પર ઉતર્યા છે. કમિશનર તરીકેનો વધારાનો હવાલો કલેક્ટર ડૉ. કુલદીપ આર્યને સોંપવામાં આવ્યો છે.
- ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો આજે પણ ૩૪ ડિગ્રીએ પહોંચ્યો હતો.
- મહાત્મા મંદિર ખાતે આજે ગ્રીનશીપ રિસાયકલીંગ અને વ્હીકલ સ્ક્રેપીંગ વિષયે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરાયું છે.
- દહેગામ પોલીસે ચોરીના નવ મોબાઈલ સાથે બે શખ્સોને ઝડપી આગળની તપાસ હાથ ધરી છે.
- ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ ગોપાળજી ઠાકોરે ગાંધીનગર રજીસ્ટ્રાર ઓફીસમાં શૌચાલય તથા પીવાના પાણીની વ્યવસ્થા કરવા રાજયમંત્રી જગદીશભાઈ પંચાલને પત્ર લખ્યો છે.
- દહેગામના વડવાસામાં ફાર્મહાઉસમાં પશુઓએ કરેલા નુકશાન બાબતે ઠપકો આપવા ગયેલા મેનેજરને માર માર્યાની ફરિયાદ નોંધાઈ છે.
- ગાંધીનગર શહેરમાં અને જિલ્લામાં હવાનુ પ્રદૂષણની માત્રામાં વધારો થવા પામતાં સૌના જીવ ઊંચા થઈ ગયા છે.
- ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યુ છે. ડેન્ગ્યુના કેસોમાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર શહેરમાં ૧૫૧૪ લોકોને હેલ્થ પરમિટ દારૂ માટે આપવામાં આવી છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૬૫ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

## પોતાના હાથે બનાવેલી મૂર્તિનું ઘરે જ વિસર્જન

ગાંધીનગર,તા.૧૧

આ વર્ષે શહેરના ગણેશ ઉત્સવમાં નાગરિકોની પ્રકૃતિ જતન પ્રત્યેની જાગૃતિમાં વધારો થયેલો અનુભવાયો હતો અને મોટા ભાગના શ્રધ્ધાળુઓએ ગણેશજીની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓનું સ્થાપન કર્યું હતું. દર વર્ષે ઈકો-ફ્રેન્ડલી મૂર્તિનું સ્થાપન કરતાં શહેરના મહિલા શ્રધ્ધાળુ સંજના નિખીલ વૈષ્ણવે આ વખતે પણ માટીમાંથી પોતાના હાથે ગણપતિની મૂર્તિ બનાવી ઘરે સ્થાપન કર્યું હતું જેનું તેમના ઘરે જ તુલસીના કુંડામાં વિસર્જન કરવામાં આવ્યું હતું





છેલ્લા ત્રણ માસ દરમ્યાન સ્વર્ગસ્થ થનારા સ્વજનોના અસ્થિઓને હરિદ્વાર લઈ જવામાં આવી રહ્યા છે. સેક્ટર-૩૦ મુક્તિધામ, સરગાસણ મુક્તિધામ અને દહેગામના મુક્તિધામ ખાતે અગ્નિસંસ્કાર મેળવનાર સ્વજનોના અસ્થિઓને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા દર ત્રણ માસે હરિદ્વાર લઈ જઈ ગંગામાં વિસર્જિત કરાય છે. હરિદ્વાર જતા પહેલા યોજાયેલી પ્રાર્થના સભામાં ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, સુધીર દેસાઈ, પ્રદિપ સોલંકી અને સગા-સંબંધીઓ ઉપસ્થિત રહ્યા હતા. શશિકાન્ત મોઢા અને મુકેશભાઈ શુકલ અસ્થિવિસર્જન સેવા માટે હરિદ્વાર જવા રવાના થયા હતા.

## ઉવારસદ કર્ણાવતી ડેન્ટલ કેમ્પસમાં વૃક્ષ પર વિજળી પડતાં મહિલાનું મૃત્યુ

### વરસાદમાં કર્મચારીઓ ઘુમ્મટ નીચે ઉભા હતા, ત્યારે વૃક્ષ પર વિજળી પડી હતી, વૃક્ષ ધરાશાયી થઈને ઘુમ્મટ પર પડતા કર્મચારીઓ દટાયા હતા. ૬ કર્મચારીઓ સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના ઉવારસદ ગામે આવેલી કર્ણાવતી ડેન્ટલ કોલેજ કેમ્પસમાં વૃક્ષ પર વિજળી પડી હતી. ત્યારે વરસાદ થી બચવા માટે કેમ્પસમાં આવેલા ઘુમ્મટ નીચે સફાઈ કર્મચારીઓ ઉભા રહ્યા હતા. જયારે વિજળી પડતા વૃક્ષ ધરાશાઈ થતા ઘુમ્મટ પર પડ્યું હતું. જેથી ઘુમ્મટ નીચે ઉભા રહેલા કર્મચારીઓ દટાઈ ગયા હતા. આ ઘટનામાં એક મહિલાનું મૃત્યુ નિપજયું હતું.જયારે પાંચ મહિલા અને એક પુરૂષને ઈજાઓ પહોંચતા સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.

મળતી વિગત મુજબ ઉવારસદ કર્ણાવતી ડેન્ટલ કોલેજ ખાતે નિત્યક્રમ પ્રમાણે કર્મચારીઓ હાજર હતા. તે સમયે કોલેજમાં સફાઈની કામગીરી ચાલી રહી હતી. ત્યારે અચાનક બપોર બાદ વાતાવરણમાં પલ્ટો આવતા વરસાદ શરુ થઈ ગયો હતો. વિજળીના કડાકા ભડાકા થતા કેમ્પસમાં કામ કરતા અંદાજે ૭ જેટલા કર્મચારીઓ ઘુમ્મટ નીચે ઉભા રહ્યા હતા. શહેરમાં ધોધમાર વરસાદ પડી રહ્યો હતો તે સમયે અચાનક વિજળીના કડાકા થતા સૌ કોઈ ચોકીં ઉઠ્યા હતા. તે સમયે ઉવારસદ ડેન્ટલ કોલેજ સ્થિત વૃક્ષ પર વિજળી પડતા તે ધરાશાઈ થતા ઘુમ્મટ પર પડ્યું હતું. જેથી ઘુમ્મટ નીચે ઉભા રહેલા કર્મચારીઓ દટાઈ ગયા હતા. જયારે કેમ્પસમાં કર્મચારીઓ દટાઈ જતા હોહા મચી જવા પામી હતી. જયારે સ્થળ પર અધિકારી-કર્મચારીઓ સૌ કોઈ દોડી આવીને બચાવ કામગીરી હાથ ધરી હતી. ઘુમ્મટ નીચે દટાઈ ગયેલા કર્મચારીઓ પૈકી ૬ મહિલા અને એક પુરૂષ કર્મચારીને ભારે જહેમત પછી હેમખેમ બહાર નીકાળ્યા હતા.

તમામને સારવાર માટે ખસેડાયા હતા. જે પૈકી પુન્દ્રાસણ ગામની આશરે ૫૦ વર્ષિય સવિતાબેન જયંતિભાઈ ઠાકોરને મરણ જાહેર કરાયા હતા. જયારે પાંચ મહિલા અને એક પુરૂષ કર્મચારીને વત્તાઓછી ઈજા પહોંચતા સારવાર માટે એડમીટ કરવામાં આવ્યા હતા. બનાવ અંગે અડાલજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## સિધ્ધેશ્વરી પાન પાર્લરનું શટર ઉંચુ કરી રૂ.૪૦ હજારના માલસામાનની ચોરી

### સિગારેટ, સોપારી, તમાકુના ડબ્બા, ગુટખા-પાનમસાલા, સાઉન્ડ સિસ્ટમ સહિત રોકડા રૂ.૧૨ હજારની ચોરી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના પેથાપુર ચરેડી વડ ઓમકાર રેસીડેન્સી જવાના માર્ગ પર સિધ્ધેશ્વરી પાન પાર્લરમાં શુક્રવારની રાતે ચોરી થવા પામી છે. પાર્લરનું શટર ઉંચુ કરી તસ્કરોએ બીડી-સીગારેટ, સોપારી, તમાકુના ડબ્બા, ગુટખા-પાનમસાલા સહિત રોકડા રૂ.૧૨ મળી કુલ રૂ.૪૦ હજારની ચોરી થઈ છે. દુકાન માલિકે અંદર જઈ તપાસ કરતા તમામ સામાન વેરણ છેરણ પડ્યો હતો.બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ હસમુખભાઈ પુંજાભાઈ પ્રજાપતિ મહાલક્ષ્મી --૨ ની બાજુમાં પરીવાર સાથે રહે છે. જયારે પેથાપુર ચોકડી થી ચરેડી વડ ઓમકાર રેસીડેન્સીમાં જવાના માર્ગ સિધ્ધેશ્વરી પાન પાર્લર અને ટી-સ્ટોલ ધરાવે છે. પાર્લર સવારે ૪.૩૦ થી રાત્રીના ૧૦ વાગ્યા સુધી ખુલ્લુ રહે છે. જયારે ગત તા.૯ ના રોજ નિત્યક્રમ મુજબ પાર્લર ખોલી વેપાર ધંધો બંધ કરી રાત્રીના ૧૦ વાગે દુકાનનુ શટર બંધ કરી લોક મારી ઘરે ગયા હતા. જયારે તા.૧૦ ના રોજ વહેલી સવારે પાર્લર ખાતે આવીને જોયુ તો બહારની બાજુએ વિમલનો ખાલી થેલો બહાર પડ્યો હતો. જયારે પાર્લરના પતરાનુ શટર એક બાજુથી તોડી ઉંચુ કરી ખુલ્લી હાલતમાં હતું. હસમુખભાઈએ પાર્લરમાં જઈને જોયુ તો તમામ સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. જયારે પાર્લરમાંથી તસ્કરો વિવિધ સીગારેટના પેકેટ નંગ-૮૦, બાગબાન તમાકુના ડબ્બા નંગ-૨૦, કાચી સોપારી ૧૦ કિલો, અલગ-અલગ ગુટખા અને પાન મસાલા, કોલગેટ, સાઉન્ડ સિસ્ટમ અને ધંધાના રોકડા રૂ.૧૨ હજાર મળી કુલ રૂ.૪૦ હજારથી વધુની મત્તા લઈ તસ્કરો પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

